# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19-02-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

---

1. ગુજરાત વિધાનસભાના અંદાજપત્ર સત્રનો રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના સંબોધનથી પ્રારંભ.
2. નાણામંત્રી કનુ દેસાઇ આવતીકાલે ગુજરાત વિધાનસભામાં વર્ષ 2025-26નું અંદાજપત્ર રજૂ કરશે
3. રાજ્યમાં અકસ્માતની અલગ અલગ બે ઘટનાઓમાં બે બાળકો સહિત 6 લોકોના મોત..
4. આશ્રમ શાળાઓમાં RTE નિયમોના અમલ માટે 851 જ્ઞાન સહાયકોની ભરતી કરાશે - રાજ્ય સરકારનું વડી અદાલતમાં નિવેદન
5. મહિલા ક્રિકેટ પ્રીમિયર લીગમાં વડોદરાના કોટામ્બી સ્ટેડિયમમાં યુપી વોરિયર્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે મુકાબલો

-------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# GUJARAT BUDGET SESSION

ગુજરાત વિધાનસભાના અંદાજપત્ર સત્રનો રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના સંબોધનથી પ્રારંભ થયો.   શ્રી દેવવ્રતે જણાવ્યું કે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે રાજ્યના વિકાસમાં આયોજન અને કાર્યક્રમોમાં   'GYAN' એટલે કે ગરીબ , યુવા, અન્નદાતા અને નારીશક્તિના ઉત્કર્ષ અને ઉત્થાન પર ધ્યાન કેન્દ્રિત કર્યું. સાંભળીએ ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતાનો અહેવાલ..

## (વોઇસ કાસ્ટ: દુર્ગેશ મહેતા )

રાજ્યપાલના સંબોધન બાદ આભાર પ્રસ્તાવને ગૃહમાં રજૂ કરાયો. દરમિયાન, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગૃહમાં પૂર્વ પ્રધાનમંત્રી સ્વર્ગીય ડૉ.મનમોહન સિંઘ, સ્વર્ગીય ધારાસભ્ય કરસન સોલંકી  , પૂર્વ ઉપાધ્યક્ષ શંભૂજી ઠાકોર  , પૂર્વ ધારાસભ્ય કમલેશ પટેલના અવસાન અંગે શોક દર્શક ઉલ્લેખ કર્યો. ત્યારબાદ ગૃહની કાર્યવાહી આવતીકાલ સુધી મુલતવી રાખવામાં આવી.

આવતીકાલે વિધાનસભામાં વર્ષ 2025-26 નું અંદાજ પત્ર રજૂ થશે. નાણામંત્રી કનુ દેસાઇ આ બજેટ રજૂ કરશે ત્યારે સરકાર સમક્ષ અમદાવાદ ટિમ્બર માર્ટ એસોસિએશનના પ્રમુખ ચિંતન શેઠે ટિમ્બર ઉપરના વેરામાં રાહત આપવાની માંગણી કરી છે.

**(બાઇટ- ચિંતન શેઠ, પ્રમુખ ટિમ્બર માર્ટ એસોસિએશન અમદાવાદ)**

સત્ર દરમિયાન વિધાનસભાના મેજ ઉપર અલગ અલગ કાગળો મૂકાશે તેમજ કામકાજ સમિતિના આઠમા અહેવાલની રજૂઆત કરાશે. આ સત્રમાં આરોગ્ય મંત્રી રૂષિકેશ પટેલ બે મહત્વના સરકારી વિધેયકો રજૂ કરશે , જેમાં ગુજરાત રાજ્ય ફિઝિયોથેરાપી કાઉન્સિલ રદ કરવા બાબત ખરડો અને ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ નોંધણી અને નિયમન સુધારા ખરડાનો સમાવેશ થાય છે.

. . . . . . . . . . . . .

# SURAT ACCIDENT

સુરત જિલ્લાના માંડવીના ગામતળાવ ગામ નજીક ટેમ્પો અને ટ્રક વચ્ચે અકસ્માત થતાં 4 લોકોના મોત થયા છે. તો 6 લોકોને ઇજા પહોંચતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા છે. તમામ લોકો તાપી જિલ્લાના નીંદવાળા ગામના વતની છે અને લગ્નપ્રસંગ બાદ ઘરે પરત ફરી રહ્યા હતા તે દરમિયાન આ અકસ્માત સર્જાયો હતો.

. . . . . . . . . . . . .

# SURENDRANAGAR DEATH

સુરેન્દ્રનગરની ભોગાવો નદીમાં ડૂબી જતા બે બાળકોના મોત થયા છે. શહેરના વડનગરમાં રહેતા બે ભાઈબહેન કૃષ્ણનગર પાસે ભોગાવો નદીમાં ન્હાવા ગયા હતા ત્યારે પાણીમાં ગરકાવ થઈ જતા ફાયર બ્રિગેડની ટીમે શોધખોળ કરી હતી. ત્યારે બંને બાળકોના મૃતદેહ મળી આવ્યા હતા.

. . . . . . . . . . . . .

# RTE HC OREDER

આશ્રમ શાળાઓમાં RTE નિયમોના અમલ માટે 851 જ્ઞાન સહાયકોની ભરતી કરાશે તેમ સરકારે આજે હાઇકોર્ટ સમક્ષ કહ્યું હતું. સરકારે એમ પણ કહ્યું હતું કે આ જ્ઞાનસહાયકોને નોકરીમાંથી કાઢવામાં આવશે નહીં.

ગુજરાત હાઇકોર્ટમાં આશ્રમ શાળાઓને લગતી અરજી ઉપર મુખ્ય ન્યાયાધીશ સુનિતા અગરવાલ અને ન્યાયાધીશ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠ સમક્ષ સુનાવણી ચાલી રહી છે. જેમાં અગાઉ સરકારી વકીલે અદાલતને જણાવ્યું કે આ અંગે રાજ્ય સરકારે રચાયેલી કમિટીએ આશ્રમ શાળાઓનાં પુનઃરચના અંગે સરકારને અભિપ્રાય આપ્યો હતો. આશ્રમ શાળાઓમાં પણ કોર્ટના નિર્દેશ મુજબ રાઈટ ટુ એજ્યુકેશનની જોગવાઈઓ મુજબ જ શિક્ષણ અને સુવિધાઓ આપવામાં આવશે. આ માટે સરકારે ગ્રાન્ટ પણ જાહેર કરી છે.

છેલ્લી સુનાવણીમાં સરકારી વકીલે કોર્ટને જણાવ્યું હતું કે RTE એક્ટ મુજબના નિયમોના પાલન માટે કુલ 851 જેટલા જ્ઞાન સહાયકોની ભરતી અંગે સંલગ્ન વિભાગને માંગણી મોકલી આપવામાં આવી છે.

બીજી તરફ મહિસાગર જીલ્લામાં ખેલ સહાયક શિક્ષકો ને છૂટા કરા તાં ખેલ સહાયકોમાં કચવાટ જોવા મળ્યો હતો. આ નિર્ણય અંગે ખેલસહાયકોએ મહિસાગર જીલ્લા વિકાસ અધિકારીને આવેદનપત્ર આપ્યું હતું.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# BHAVNAGAR-OKHA TRAIN SCHEDULE

ભાવનગર રાજકોટ ડિવિઝનમાં ડબલ ટ્રેકની કામગીરીના કારણે ભાવનગર-ઓખા એક્સપ્રેસ ટ્રેન આવતીકાલથી 2 માર્ચ સુધી ભાવનગરથી સુરેન્દ્રનગર વચ્ચે ચાલશે. ભાવનગર ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર માશૂક અહમદના જણાવ્યા મુજબ, ટ્રેન નંબર 19209 ભાવનગર-ઓખા એક્સપ્રેસ 2 જી માર્ચ સુધી ભાવનગરથી સુરેન્દ્રનગર સુધી ચલાવવામાં આવશે. જેથી આ ટ્રેન સુરેન્દ્રનગર-ઓખા વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

ટ્રેન નંબર 19210 ઓખા-ભાવનગર એક્સપ્રેસ આવતીકાલથી 3 માર્ચ સુધી સુરેન્દ્રનગરથી ભાવનગર સુધી દોડશે. આ ટ્રેન ઓખા-સુરેન્દ્રનગર વચ્ચે આંશિક રીતે રદ રહેશે. આ ટ્રેનના ઓપરેટિંગ સમય , સ્ટોપ અને સ્ટ્રક્ચર અંગેની

વિગતવાર માહિતી માટે મુસાફરો www.enquiry.indianrail.gov.in વેબસાઇટની મુલાકાત લઈ શકે છે.

. . . . . . . . . . . . .

# MORBI DEMOLITION

મોરબીમાં મહાનગરપાલિકા કાર્યરત થયા બાદ વર્ષો જૂના દબાણો હટાવવા ઝુંબેશ હાથ ધરાઇ છે. જેના ભાગરૂપે વન વીક વન રોડ અંર્તગત આજે શહેરના સામાકાંઠા વિસ્તારના શોભેશ્વર રોડ પર દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરી હતી. જેમાં મેઇન રોડ પર વર્ષોથી બની ગયેલા કાચા પાકા મકાનો , દુકાનોના દબાણો દૂર કરાયા હતા. આ અંગે વધુ માહિતી મ્યુનિસિપલ કમિશનર સ્વપ્નિલ ખરેએ આપી.

**(બાઈટ- સ્વપ્નિલ ખરે, મ્યુનિસિપલ કમિશનર, મોરબી)**

. . . . . . . . . . . . .

# KHANIJ KHODKAM - DAND - GIR

ગીર સોમનાથના કોડીનાર તાલુકાના વિઠ્ઠલપુર ગામે ગેરકાયદેસર ખનીજ ખોદકામને લઈને ૭ કરોડ ૬૮ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે.

અમારા ગીર સોમનાથના પ્રતિનિધિ રાજેશ ભજગોતર જણાવે છે કે ,
વિઠ્ઠલપુર ગામમાં મહેસુલ અને ખાણ ખનીજની ક્ષેત્રીય ટીમ દ્વારા સંયુક્ત કાર્યવાહી કરવામાં આવી હતી. જેમાં ક્વોરી લિઝની બિલ્ડિંગ લાઇમસ્ટોન ખનીજની તપાસ કરી માપણી કરવામાં આવી હતી. તેમાં આશરે ૧ લાખ ૫૨ હજાર મેટ્રિક ટન જથ્થો ગેરકાયદેસર નિકાસ કરવામાં આવી હોવાનું જણાયું હતું.

. . . . . . . . . . . . . .

# MAHISAGAR CHANA REGISTRATION

ચણા અને રાયડાને ટેકાના ભાવથી ખરીદવા રાજ્ય સરકારે ઓનલાઇન નોંધણી શરૂ કરી છે. ખેડૂતો ગ્રામ્યકક્ષાએ ઈ-ગ્રામ કેન્દ્રો ખાતે વિનામૂલ્યે ઓનલાઇન નોંધણી કરાવી શકે છે, તેમ મહિસાગર જિલ્લા ખેતીવાડી અધિકારીએ જણાવ્યું છે.

(બાઈટ : જગદીશ પટેલ, જિલ્લા ખેતીવાડી અધિકારી)

. . . . . . . . . . . . .

# WEATHER

આગામી પાંચ દિવસમાં રાજ્યના તાપમાનમાં મોટો ફેરફાર નહિ થાય. હવામાન વિભાગ અનુસાર બે દિવસ મહતમ તાપમાન ઘટશે અને ત્યારબાદ

તાપમાનમાં વધારો થશે. રાજ્યમાં પવનની દિશા ઉત્તર-પશ્ચિમથી ઉતર તરફ છે. એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ પસાર થતાં વાદળછાયું વાતાવરણ જોવા મળી રહ્યું છે. આવતીકાલથી વાદળો ઓછા જોવા મળશે.

છેલ્લા 24 કલાકમાં અમદાવાદમાં 19.9 ડિગ્રી સેલ્સિયસ, ગાંધીનગરમાં 18.6 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું છે. આગામી 24 કલાક માટે અમદાવાદમાં લઘુત્તમ તાપમાન 19 ડિગ્રી સેલ્સિયસ અને ગાંધીનગરમાં 18 ડિગ્રી સેલ્સિયસની આગાહી છે. જ્યારે બંને જિલ્લામાં મહત્તમ 34 ડિગ્રી તાપમાનની આગાહી છે.

. . . . . . . . . . . . .

# KHEL MAHAKUMBH - AHEMDABAD

ખેલ મહાકુંભ 3.0 અંતર્ગત અમદાવાદમા મધ્ય ઝોનની ભાઈઓની ફૂટબોલ ટૂર્નામેન્ટ યોજાઈ હતી. સાત દિવસની આ ટુર્નામેન્ટમાં ત્રણ વયજૂથની સ્પર્ધાઓમાં 513 ખેલાડી ભાઈઓએ ભાગ લીધો હતો.

જેમાં અં-૧૪ એજ ગ્રુપમાં પ્રથમ અમદાવાદ ગ્રામ્ય અને દ્વિતિય પાટણની ટીમ, અં-૧૭મા અરવલ્લીની ટીમ પ્રથમ અને દ્વિતિય અમદાવાદ ગ્રામ્યની ટીમ અને ઓપન એજ ગ્રુપમાં પ્રથમ સ્થાને અમદાવાદ ગ્રામ્ય અને દ્વિતિય સ્થાને ગાંધીનગર ગ્રામ્યની ટીમો વિજેતા બની હતી.

ઉલ્લેખનીય છે, ઝોન કક્ષાની વિજેતા ટીમો રાજ્ય કક્ષાની ટૂર્નામેન્ટમાં ભાગ લેશે.

. . . . . . . . . . . . .

# VALSAD RUDRAKSH SHIVLING

વલસાડ જિલ્લાના દુલસાડ ગામમાં વિશ્વના સૌથી ઊંચા રૂદ્રાક્ષના શિવલિંગનું અનાવરણ કરાયું. વલસાડ જિલ્લાના અમારા પ્રતિનિધિ જણાવે છે કે 36 લાખ રૂદ્રાક્ષથી બનેલા 36 ફૂટ ઊંચા આ ભવ્ય શિવલિંગને વર્લ્ડ રેકોર્ડ્સ ઈન્ડિયા બુકમાં સ્થાન મળ્યું છે. 15 કુંવારી કન્યાઓના હસ્તે સંતો અને આગેવાનોની ઉપસ્થિતિમાં શિવલિંગનું અનાવરણ કરાયું હતું. અહીં મહાશિવરાત્રી રૂદ્રાક્ષ મહોત્સવ અંતર્ગત 26 ફેબ્રુઆરી સુધી મહારુદ્ર યજ્ઞ અને શિવકથા સહિતના કાર્યક્રમોનું આયોજન કરાયું છે.

. . . . . . . . . . . . .

# DAMAN PPC

પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમ અંતર્ગત દેશમાંથી 100 વિદ્યાર્થીઓની પસંદગી કરાઇ હતી. જેમાં દીવ બુચરવાડાની પીએમ શ્રી જવાહર નવોદય વિદ્યાલયના કરણ ચૌહાણ અને દમણની કોસ્ટ ગાર્ડ પબ્લિક સ્કૂલની શ્રીજા કુમારીનો પણ સમાવેશ થાય છે. કાર્યક્રમ દરમિયાન કરણ ચૌહાણે પ્રધાનમંત્રી સાથે સંવાદ કર્યો હતો.

. . . . . . . . . . . . .

# WPL VADODARA

વડોદરામાં મહિલા ક્રિકેટ પ્રીમિયર લીગ- WPL માં આજે યુપી વૉરિયર્ઝ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે મેચ રમાશે. દિલ્હી કેપિટલ્સે ટોસ જીતીને ફિલ્ડીંગ કરવાનો નિર્ણય લીધો છે.

. . . . . . . . . . . .

# RANJI TROPHY

અમદાવાદમાંરમાઈ રહેલી રણજી ટ્રોફીની પ્રથમ સેમી ફાઇનલના ત્રીજા દિવસના અંતે કેરળ સામે ગુજરાતે એક વિકેટ ગુમાવી 222 રન કર્યા છે. ગુજરાત તરફથી પ્રિયાંક પંચાલે સદી નોંધવતા 117 રન કર્યા. ઉલ્લેખનીય છે કે પ્રથમ ઇનિંગમાં કેરળની ટીમ 457 રન કરી ઓલઆઉટ થઈ હતી.

. . . . . . . . . . . . .